**સોગંદ આપ્યા.....**

**અરજદાર નેહાબેન ઈમરાનભાઈ ઘાંચીની આંક–૨૦ની સરતપાસ લગત સામાવાળાઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી બી.ડી.ગણેશીયા**

**(૧)** એ વાત ખરી છે કે, સને ૨૦૧૯માં મારા નિકાહ ઈમરાનભાઈ સાથે થયેલા. એ વાત ખરી છે કે, મારા નિકાહ થયા તે પહેલા મારા સસરાનું અવસાન થઈ ગયેલું. એ વાત ખરી છે કે, હું નિકાહ કરીને હળવદ મુકામે રહેવા માટે આવી ત્યારે હું,ઈમરાન અને મારી સાસુ એમ ત્રણ જણ રહેતા હતા. મારા સાસુનું નામ જુબીદાબેન છે. મારા સાસુ જુબીદાબેન કઈ તારીખે અવસાન પામ્યા તે મને યાદ નથી પરંતુ બે વર્ષ પહેલા અવસાન પામેલા. એ વાત ખરી છે કે, મારા સાસુ અવસાન પામ્યા ત્યાં સુધી અમે ત્રણેય જણા સાથે રહેતા હતા. એ વાત ખરી છે કે, મારા નિકાહ થયા પહેલા મારા નણંદ નઝમાબેન મોહીનુદીનના નિકાહ ચોટીલા મુકામે થઈ ગયેલ હોય તેઓ ચોટીલા મુકામે રહેતા હતા. એ વાત ખરી છે કે, મારા મામાજી સસરા મુસાભાઈ તથા મારા મામાજી સસરા ઈરફાનભાઈ મોહમદભાઈ ઘાંચી તથા મારી મામીજી સાસુ રહેમત મહમદભાઈ ઘાંચી અમે બધા એક ઘરમાં રહેતા ન હતા. એ વાત ખરી છે કે, મારા જેઠ અશરફભાઈ ઘાંચી પણ અલગ મકાનમાં રહેતા હતા. એ વાત ખરી છે કે, અશરફભાઈ મારા સગા જેઠ નથી.

(૨) મારા નિકાહ થયા ત્યારે મારા પતિ કલરકામ કરતા હતા. એ વાત ખરી નથી કે, મારા પતિ ઈમરાનભાઈ અત્યારે બીમાર હોવાથી કાંઈ કામ કરતા નથી.

સવાલ:– બે વર્ષથી ઈમરાનભાઈ સુરત મુકામે સંસ્થા આવેલ છે ત્યાં રહેતા હતા ?

જવાબ:– મેં પહેલા ભરણપોષણનો કેસ કરેલ હતો જેથી ભરણપોષણ ન આપવું પડે તે માટે મારા પતિ સંસ્થામાં રહેવા જતા રહેલા અને હું સુરત ગયેલી અને ત્યાં મને કહેલ કે, મારા પતિ ઈમરાનભાઈ પાગલ નથી, સારા છે તેને તમે લઈ જાવ. સુરત પોલીસે સર્ટીફીકેટ માંગણી કરતા સંસ્થાએ ડોકટરનું સર્ટીફીકેટ આપેલ જે કોર્ટમાં રજુ રાખેલ.

(૩) એ વાત ખરી છે કે, મારા સાસુ જીવતા હતા ત્યારે રૂા. ૮,૦૦,૦૦૦/– સહારા બેંકમાં મુકેલા.

સવાલ:– સહારા બેંકમાં રૂા. ૮,૦૦,૦૦૦/– મુકેલા તેનું વ્યાજ છેલ્લા ૬ વર્ષથી સહારા બેંક બંધ થઈ જવાથી આવતું નથી અને તે રૂપિયા બેંકમાં બ્લોક થઈ ગયા છે ?

જવાબ:– છેલ્લા ત્રણ વર્ષથી વ્યાજ આવતું નથી.

એ વાત ખરી છે કે, મને કઈ તારીખે મારા પતિએ કાઢી મુકેલ તેવી કોઈ તારીખ મેં મારી અરજીમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારા નણંદ અને મામાજી સસરા કઈ તારીખે અમારા ઘરે આવીને મારા પતિને ચડામણી કરતા હતા તેવી કોઈ તારીખ મારી અરજીમાં લખેલ નથી. એ વાત ખરી નથી કે, મારા પતિની તબિયત સારી ન હોય અને મારે તેમની સેવાચાકરી કરવી ન પડે તે માટે હું મારી સ્વેચ્છાએ મારા માતા–પિતાના ઘરે રહેવા ચાલી ગયેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારા મામાજી સસરાનો છોકરો અસરફે મારો વીડીયો બનાવી દીધેલો અને મને સંબંધ રાખવા માટે બ્લેકમેઈલ કરતો હતો તેથી મારા પતિએ મને કહેલ કે, તું પીયર જતી રહે. હું સાસરીમાં મારા પતિ સાથે જે ઘરમાં રહેતી હતી તે મારા પતિની માલીકીનું મકાન ન હતું.

સવાલ:– તમને તમારા દીકરા સાથે તમારા પતિ રાખવા તૈયાર હોય તો તમે સાસરીમાં રહેવા જવા તૈયાર છો ?

જવાબ:– મને અસરફ તાના મારતો હોવાથી હું સાસરીમાં રહેવા જવા તૈયાર નથી.

હાલમાં મારા પતિ કલરકામ કરવા કયાં જાય છે તેની મને ખબર નથી. એ વાત ખરી

નથી કે, હું મારી મરજીથી મારા માતાપિતાના ઘરે મારા પિયરમાં રહું છું.
ફેરતપાસ નથી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૮/૧૦/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
હળવદ.